ગાંધીનગર સમાચાર

તા. ૧૨-૬-૨૦૧૪, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી....

### સરસ્વતી મંદિરોમાં પ્રવેશોત્સવ

શિક્ષણ એ માનવીને માનવ બનાવનારી જડીબુટ્ટી છે. વિદ્યાવિહીન માણસને શાસ્ત્રકાર પશુ સાથે સરખાવે છે. જે માતાપિતા પોતાનાં બાળકોને ભણાવી નથી શકતાં તે એમને માટે દુશ્મનની ગરજ સારે છે. સંસ્કૃતિ સુભાષિતોમાં આવી તો અનેક ચિંતન કણિકાઓ મળી આવે. આપણી દેશી કહેવત છે 'વસુ વગર નર પશુ.' વસુનો અર્થ નાણાં કરીએ, સંપત્તિ કરીએ તો પણ આજે ભણ્યા વગર કોણ કમાઈ શકે છે? એટલે એકવીસમી સદી એ ધન કરતાં વિશેષ જ્ઞાનની સદી છે. આજથી થોડાક જ દાયકા પૂર્વે ભદ્ર વર્ગ સિવાય છોકરીઓને કોઈ નિશાળે નહોતું મોકલતું. આપણાં મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેનની ઉંમરની ઘણી સ્ત્રીઓ અભણ અથવા સાવ ઓછું ભણેલી જોવા મળશે, ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં તો કન્યા શિક્ષણ એ છેલ્લા ચાર-પાંચ દાયકામાં વિકસેલી માંગલિક બાબત છે. પરંતુ એટલા ટૂંકા ગાળામાં બહેનોએ કેવડી મોટી હરણફાળ ભરી છે! પરીક્ષાનાં પરિણામો પર નજર ફેરવતાં ખ્યાલ આવે છે કે બહેનો ભણવામાં ભાઈઓ કરતાં આગળ નીકળી ગઈ છે. આ સામાજિક ક્રાંતિ છે. શાળા પ્રવેશોત્સવ ઊજવવાનો માનનીય મુખ્યમંત્રીશ્રીનો વિચાર ઘણો મૌલિક છે. પોતે હાડોહાડ શિક્ષકનો જીવ હોવાથી એમને શિક્ષણમંત્રી હતાં ત્યારે આવો લોકકલ્યાણકારી વિચાર સૂઝ્યો હતો અને એના અમલીકરણથી આપણી રેઢિયાળ સરકારી શાળાઓની શિકલ બદલાઈ ગઈ હતી, તે સર્વવિદિત છે. શાળા પ્રવેશ એ કોઈપણ ભણતા વિદ્યાર્થી માટે એના જીવનનો અગત્યનો અવસર છે. એને શાળા પોતીકી લાગે, શિક્ષણવ્યવસ્થા એના જીવનનો વિકાસ કરનારી નીવડે એવું આયોજન કરવાની સમાજ અને સરકારની સહિયારી જવાબદારી ગણાય. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ અને મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ગુજરાતની પ્રાથમિક શાળાઓને પહેલા જ દિવસથી ચેતનવંતી બનાવી દેવાના સંકલ્પ સાથે આરંભેલી અક્ષરયાત્રા ગુજરાતી વિદ્યાર્થીને પોતાની અંતર્નિહિત શક્તિનો અહેસાસ કરાવતી રહી છે. આગામી ત્રણેક દિવસો આ શાળા પ્રવેશોત્સવનું મહામૂલું પર્વ ઊજવાશે. અદ્યતન પદ્ધતિથી શિક્ષણ આપતા પ્રયોગો પણ નોંધપાત્ર નીવડશે. 'ઓનલાઈન' શિક્ષણ એ આંતરરાષ્ટ્રીય શિક્ષણ પદ્ધતિ લેખાશે. વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક શાળાએ પહોંચશે, જ્યાં એમના ગુરુજનો ઉપરાંત સરકારના ઉચ્ચ અધિકારીઓ અને ક્વચિત શિક્ષણમંત્રી સહિતના અગ્રણી નેતાઓ એમનાં ઓવારણાં લેશે. નવા વર્ગખંડો અને જૂની ઈમારતોનું સમારકામ ઉત્સાહ પ્રેરશે. આ પ્રકારના વિધેયાત્મક અભિગમથી શાળાએ જતા બાળકના માનસમાં શાળા વિશેના પરંપરાગત પૂર્વગ્રહ યુક્ત ખ્યાલો ઓગળી જાય છે. એને શાળા સાથે પોતાપણાનો ભાવ બંધાય છે. પોતાની અંદર પડેલી છૂપી શક્તિઓને શિક્ષણ દ્વારા જ વિકસાવી શકાશે, એવો સધિયારો મળે છે. અગાઉના જમાનામાં બાળક શાળાએ જતાં અચકાતું. એને પરાણે શાળાએ ધકેલવું પડતું. શિક્ષક સામે એને પારવગરનું ફરિયાદો રહેતી. કેટલાક શિક્ષકો કુમળાં બાળકોને મારતા પણ ખરા. એમના એ ક્રૂર વાણીવર્તનથી બાળકને ભણવામાંથી રસ ઊડી જતો. આજે પરિસ્થિતિ પલટાઈ ગઈ છે. બાળકો હોંશે હોંશે, સજીધજીને શાળાએ જતાં થયાં છે. એમને ખબર છે કે શાળાએ જઈને તો ઘર જેવું જ વાતાવરણ મળવાનું છે. શાળાના મેદાનમાં રમવાનું પણ મળે અને જમવાના સમયે જમવાનું પણ મળે. શાળા પ્રવેશોત્સવ દ્વારા સરકારે ગામલોકોને શિક્ષણમાં સીધો જ રસ લેતા કરીને ખરેખર કરવા જેવું કામ કર્યું છે. ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે ડ્રોપ આઉટ રેશિયો ઘટે તેવા અણથક પ્રયાસો થઈ રહ્યા છે અને હવે તો આપણું શિક્ષણ અન્ય રાજયોની સ્પર્ધામાં ટકે એ માટે અંગ્રેજી જેવો વિષય પણ શરૂથી જ શીખવવાનો ઉપક્રમ વિચારાઈ રહ્યો છે. ગાંધીનગર એ ફક્ત ગુજરાતી જ નહીં, શિક્ષણક્ષેત્રની પણ રાજધાની બની રહ્યું છે, ત્યારે શાળા પ્રવેશોત્સવ ઊજવી રહેલ તમામ વિદ્યાર્થી મિત્રોને અંતઃકરણની શુભકામનાઓ!




### નગરની શાન

ગાંધીનગર સચિવાલયમાં માહિતી ખાતામાં ફરજ બજાવતા દિનેશભાઈ ચૌહાણનો પુત્ર ડો. બિરેનને ટાટા ઈન્સ્ટીટયુટ ઓફ સોશ્યલ સાયન્સ મુંબઈ દ્વારા વર્ષ ૨૦૧૨-૧૪નો માસ્ટર હોસ્પિટલ એડમિનીસ્ટ્રેશનમાં મહારાષ્ટ્રના રાજયપાલના હસ્તે ઈન્સ્ટીટયુટ દ્વારા સિલ્વર મેડલ એનાયત થયો છે.

### હરિની દૃષ્ટિ...




# પ્રધાન અને ઉચ્ચ અધિકારીઓ વિદ્યાર્થીને શાળા પ્રવેશ કરાવશે

## નામાંકન ૧૦૦ ટકા ડ્રોપ આઉટ રેશિયો ૦ ટકાના નવા સુત્રને સાકાર કરવા મુખ્યમંત્રી સહિતના નેતાઓ સજ્જ

ગાંધીનગર, તા.૧૧

સતત ૧૨ વર્ષની સફળ, અવિરત યાત્રાના પગલે આવતીકાલ, તા. ૧૨ જૂનથી રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં વર્ષ ૨૦૧૪-૧૫ના શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો પ્રારંભ થઈ રહ્યો છે. "નામાંકન ૧૦૦ ટકા ડ્રોપ આઉટ રેશિયો ૦ ટકા"ના સુત્ર સાથે આ સુત્રને સાકાર કરવા મુખ્યમંત્રી આનંદીબેન પટેલ સહિત રાજ્યના મંત્રી મંડળના તમામ મંત્રીઓ, સચિવો સહિત વરિષ્ઠ અધિકારીઓ જે તે પદાધિકારી વગેરેને તા. ૧૨ થી ૧૪ જૂન દરમમિયાન યોજાનાર શાળા પ્રવેશોત્સવ અંતર્ગત રાજ્યના અંતરિયાળ વિસ્તારોમાં બાળકોને શાળા પ્રવેશ કરાવશે. શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ વર્ષ ૨૦૧૪-૧૫ના શાળા પ્રવેશ અને કન્યા કેળવણી મહોત્સવના લક્ષ્યાંકને સ્પષ્ટ કરતા જણાવ્યું છે કે આંગણવાડી અને ધોરણ-૧માં વિદ્યાર્થી-વિદ્યાર્થીઓના ૧૦૦ ટકા નામાંકન, ધોરણ-૮ના બાળકોનું ધોરણ-૯માં ૧૦૦ ટકા નામાંકન થાય તથા ડ્રોપ આઉટ રેશીયો શૂન્ય ટકાએ પહોંચે તે મુખ્ય લક્ષ્યાંક રખાયો છે.

રાજ્યમાં વર્ષ ૨૦૦૨-૦૩ થી શાળા પ્રવેશોત્સવનો આરંભ થયેલો, જેનો ખૂબ જ ઉત્સાહવર્ધક પરિણામો જોવા મળ્યો છે. ધોરણ-૧થી ૫માં વર્ષ ૨૦૦૧-૦૨માં કુમાર અને કન્યા સહિત ડ્રોપ આઉટ રેશિયો ૨૦.૫૦ ટકા હતો તે વર્ષ ૨૦૧૩-૧૪માં ઘટીને બે ટકા છે જ્યારે ધોરણ ૧ થી ૭ અને ૮ માં કુમાર તથા કન્યાનો ડ્રોપ આઉટ રેશિયો ૩૭.૨૨ થી ઘટીને ૬.૯૧ ટકા સુધી નીચે ગયો છે. આમ, શાળા પ્રવેશોત્સવના કારણે ડ્રોપ આઉટ રેશિયોમાં ધરખમ ઘટાડો થયો છે. ડ્રોપ આઉટ રેશિયો હજી પણ ઘટીને આગામી દિવસોમાં તે શૂન્ય ટકાએ પહોંચે તે આ વર્ષના શાળા પ્રવેશોત્સવનો મુખ્ય લક્ષ્યાંક છે. તેને સફળ બનાવવા માટે શિક્ષણમંત્રી ચુડાસમાએ શ્રેણીબદ્ધ બેઠકોનું આયોજન ઉપરાંત રાજ્યના હજારો શિક્ષકો સાથે સેટેલાઈટ દ્વારા સીધો સંવાદ કરીને આ લક્ષ્યાંકને સિદ્ધ કરવા શિક્ષકો, સમાજ સેવી સંસ્થાઓ, શિક્ષક સંઘો, વાલી મંડળોને જનશક્તિના સક્રિય સહયોગ માટે આહવાન કર્યું છે. પ્રવેશોત્સવ,કન્યા કેળવણી અભિયાન અંતર્ગત ડ્રોપ આઉટ થયેલા બાળકોને પુનઃ પ્રવેશ, ૩ વર્ષના બાળકોને આંગણવાડી પ્રવેશ, ધોરણ-૯ અને ૧૦નો ડ્રોપ આઉટ રેશિયો ધોરણ ૧ થી ૮ની સ્થિતિએ લાવવો, કન્યાઓના શિક્ષણને વધુ પ્રાધાનય આપવું, ૫૦ ટકાથી ઓછી સ્ત્રી સાક્ષરતા ધરાવતા તાલુકા / જિલ્લાને પ્રાધાન્ય, વધુ ડ્રોપ આઉટવાળી શાળાઓ / તાલુકાઓને પ્રાધાન્ય ૩૫ થી ૫૦ ટકાથી ઓછી સ્ત્રી સાક્ષરતા દર ધરાવતા તાલુકાઓ કે જિલ્લામાં સ્ત્રી સાક્ષરતા દર સુધારવો વગેરે મુદ્દાઓને અગ્રીમતા અપાશે. સાક્ષરતાના દરમાં વૃદ્ધિ કરવા ૧૫-૩૫ વર્ષના નિરક્ષરોને શોધી ૧૦ દિવસના રાજ્ય વ્યાપી સર્વે દ્વારા ડેટાબેઝ પણ તૈયાર કરાશે. નિરક્ષરોને સાક્ષર કરી સાક્ષરતા દરમાં વર્ષ ૨૦૨૦ સુધીમાં ૭૯ ટકાથી ૮૫ ટકા સુધી સુધારો કરવાનો પણ લક્ષ્યાંક રખાયો છે.

# બીએસસીમાં આ વર્ષે સત્ર એક મહીનો મોડુ શરૂ થશે

## કેન્દ્રીય પ્રવેશ પદ્ધતિમાં હજુ પ્રવેશ શરૂ થયો નથી : બીએસસીમાં પ્રવેશ માટે મુશ્કેલી ઉભી ન થાય તે માટે કોલેજોને સમયસર પ્રવેશ કામગીરી હાથ ધરવાની સુચના

અમદાવાદ, તા.૧૧

બીએસસીના પ્રથમ વર્ષમાં પ્રવેશ માટે ચાલુ વર્ષે કેન્દ્રીય ઓનલાઈન પદ્ધતિ દાખલ કરાતાં શિક્ષણ સત્ર કાર્ય મોડુ શરૂ થશે. પ્રવેશ માટે હજુ પ્રક્રિયા શરૂ થઈ નથી ત્યાં શિક્ષણ કાર્ય એક મહીનો મોડું શરૂ થવાની શક્યતા કોલેજ સુત્રો વ્યક્ત કરી રહ્યા છે. ચાલુ વર્ષે લેવાયેલ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનું વિક્રમજનક પરિણામ આવ્યું છે. જેને પગલે બીએસસીમાં પ્રવેશ માટે મુશ્કેલી ઉભી ના થાય એ માટે ગુજરાત યુનિવર્સિટી દ્વારા કોલેજોને સમયસર પ્રવેશ કામગીરી કરવા સુચના આપતાં પ્રવેશ કામગીરી પણ શરૂ કરી દેવાઈ હતી. પ્રવેશ માટે વિદ્યાર્થીઓએ ફોર્મ ભરવાનું પણ શરૂ કરી દીધું એવાં રાજ્ય સરકાર દ્વારા બીએસસીમાં કેન્દ્રીય પ્રવેશ પદ્ધતિથી પ્રવેશ આપવાની અને કોલેજોએ કરેલી કામગીરી અટકાવી દેવા તાકીદ કરી નવેસરથી પ્રક્રિયા હાથ ધરાશે એવી સુચના આપી હતી. વિદ્યાર્થીઓ, વાલીઓ કાગડોળે રાહ જોઈ રહ્યા છે પરંતુ હજુ સુધી પ્રવેશ કામગીરી શરૂ કરાઈ નથી. પરંતુ આગામી ૧૬મીથી પ્રવેશ પ્રક્રિયા શરૂ થવાની સંભાવના જોવાઈ રહી છે ત્યારે શૈક્ષણિક સત્ર મોડુ શરૂ થવાની રાવ ઉઠવા પામી છે. સામાન્ય રીતે ૧૫મી જૂનથી શરૂ થતું શિક્ષણ કાર્ય આ વખતે એક મહિનો મોડુ શરૂ થશે એવું કોલેજ સુત્રો જણાવે છે.

# ગેરરીતી કેસ : કુલ ૧૮૮ વિદ્યાર્થીઓ દોષિત જાહેર

## ધોરણ-૧૨ સાયન્સ પરીક્ષામાં ગેરરીતી કરતા ઝડપાયેલા પૈકી ૧૮૮ દોષિત જાહેર કરાતા વાલીઓમાં ચર્ચાનો દોર

અમદાવાદ, તા.૧૧

ગુજરાત માધ્યમુક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ-૨૦૧૪માં લેવાયેલી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં ગેરરીતી કરતા ચેકીંગ સ્કવોર્ડના હાથે ઝડપાયેલા અને સીસીટીવી કેમેરા તથા ટેબલેટમાં કેદ થયેલા ૩૫૨ વિદ્યાર્થીઓનું હીયરીંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ સુનાવણી બાદ ૩૫૨ માંથી ૧૮૮ વિદ્યાર્થીઓને ગેરીરીત કેસમાં દોષિત જાહેર કરાયા છે, જ્યારે ૧૬૪ વિદ્યાર્થીઓને સુનવણી દરમિયાન તેમના જવાબ અને કેમેરાના ફુટેજના આધારે નિર્દોષ જાહેર કરી માર્કશીટ આપી દેવા હુકમ કરાયો હતો.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૧૪માં લેવાયેલ ધોરણ-૧૨ સાયન્સ પરીક્ષામાં ચોરી કરતા ૧૨ વિદ્યાર્થીઓને ચેકીંગ સ્કોવોર્ડે ઝડપી લીધા હતા અને ૩૪૦ વિદ્યાર્થીઓ કલાસરૂમમાં મુકાયેલા સીસીટીવી કેમેરા અને ટેબલેટમાં કેદ થયા હતા. જેમને રૂબરૂ બોલાવાની શિક્ષણ બોર્ડ દ્વારા સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ સુનાવણી દરમિયાન વિદ્યાર્થીઓએ રજુ કરેલા પુરાવા અને રજુઆતો તથા ફુટેજની ફરી ચકાસણી કર્યા બાદ સીસીટીવી કેમેરા તથા ટેબલેટમાં કેદ ૧૬૩ વિદ્યાર્થીઓ અને ચેકીંગ સ્કવોર્ડે પકડેલા એક વિદ્યાર્થી મળી કુલ ૧૬૪ વિદ્યાર્થીઓને નિર્દોષ જાહેર કરાયા છે. જયારે ૧૬૬ વિદ્યાર્થીઓને એક અથવા બે વિષયમાં યુએફએમ (અનફેર મીસ કેસ) લખવામાં આવ્યું છે, જયારે ૧૧ વિદ્યાર્થીઓ હીયરીંગમાં ગેરહાજર રહેતા તેમને માર્કશીટ ન આપવા આદેશ કરાયો છે, જયારે ચેકીંગ સ્કવોર્ડે ગેરરીતી કરતા ઝડપેલા ૧૧ વિદ્યાર્થીઓના એક અથવા વધુ વિષયના પરિણામો રોકાયા છે. ઉલ્લેખનીય છે કે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને ધોરણ-૧૦ની પરીક્ષામાં ચોરી કરતા ઝડપાયેલા વિદ્યાર્થીઓના સુનાવણીની પ્રક્રિયા હજી ચાલુ છે.



ગવર્મેન્ટ પોલીટેકનીક જેવી સરકારી શૈક્ષણિક સંસ્થાનું આ સાઈનબોર્ડ એટલી ખરાબ હાલતમાં હોવા છતાં કોઈ પ્રશાસકોની નજર સુદ્ધા પડતી નથી. (તસવીર : કશ્યપ નિમાવત)


# 'ગાંધીનગર-સમાજ દર્પણ' જૈન સોશ્યલ ગૃપ દ્વારા ગાંધીનગર જનોને અર્પણ...

ગાંધીનગરમાં વસતા દરેક જૈન પરિવાર જેમાં શ્વેતાંબર, દિગંબર અને સ્થાનકવાસી એમ સૌ સમાઈ જાય એવી સમાજ કલ્યાણ અને સામાજિક કાર્યો કરતી સંસ્થા એટલે જૈન સોશ્યલ ગૃપ...'મહાવીર જન્મ કલ્યાણ'નો કાર્યક્રમ બધાં સાથે મળી ઉજવે. આજે આ સંસ્થા એનાં ૩૨ વર્ષ પૂર્ણ કરી ૩૩માં વર્ષમાં . 'ણમો અરિહંતાણમ્' કરી મંગલ પ્રવેશ કરે છે, ત્યારે એની ખુશી એ માત્ર જૈન પરિવારો પુરતી સિમીત ના રાખતાં સમગ્ર નગરને સહભાગી બનાવી એક મંગલ કાર્ય કર્યું છે. પોતાના માટે તો સૌ જીવે પણ પાડોશી માટે જીવે એ સાચો એ અનુસાર આમણે 'ગાંધીનગર સમાજ દર્પણ' નામની માહિતી પુસ્તિકા તૈયાર કરી જૈનો સમાજ કલ્યાણમાં અગ્રેસર હોવાનો એક વધુ સિક્કો મારી દીધો...

'ગાંધીનગર- સમાજ દર્પણ' પુસ્તીકાનું વિમોચન ગાંધીનગર કલ્ચરલ ફોરમનાં અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા અને પી.એન. જૈન સચિવ માર્ગ અને મકાન પ્રમુખ ડો. આરતી બુચ અને તત્કાલિન પૂર્વ પ્રમુખ આર.ડી. ગાંધીના હસ્તે કરવામાં આવ્યું. જૈન સોશ્યલ ગૃપ સંસ્થાનો પરિચય અરવિંદ શાહે આપ્યો જ્યારે આ.ડી. ગાંધીએ સચિવાલય કેન્ટીનથી ૫૦ રૂપિયા ફી અને ૫૦ સભ્યો સાથે આજથી ૩૨ વર્ષ પહેલાં આરંભાયેલી સંસ્થાનો ગ્રાફ વર્ણવ્યો. તેઓએ દર દિવાળીએ ગરીબોને મોહનથાળના પેકેટ પહોંચાડી સાચા અર્થમાં દિવાળી મનાવે છેની વાત કરી. ગાંધીનગરના માર્ગ-મકાન-સર્કલ-સોલારસિટી અને ઓફિસને કોર્પોરેટ ટચ જેવી વિગતવાર પી.એન.જૈને કરી..

ગાંધીનગરને જીવતું જાગતું રાખનારાં અહીં પધારેલા વિવિધ ૧૨૫ સંસ્થાના ભૂવાઓ છે એવી હળવી વાત સાથે કૃષ્ણકાન્ત જહાએ ગાંધીનગરની વિવિધ રસપ્રદ માહિતી સાથે શહેર જયારે ૨જી ઓગસ્ટે એનાં ૪૯ વર્ષ પૂર્ણ કરી ૫૦માં વર્ષમાં પ્રવેશ કરે છે ત્યારે એનાં સુવર્ણ જયંતિ વર્ષનાં વધામણાં રૂપે આજે પ્રકાશિત થયેલી પુસ્તિકાએ આ કાર્યક્રમની કંકોત્રી છએ એવું કહી જૈન સમાજની આ વિશિષ્ટ શૈલીને બિરદાવી.. આ સંસ્થાના સ્થાપક પ્રમુખ સૂર્યકાન્ત મહેતાને એમની ચંદનની જેમ ઘસાઈને સુવાસીત થયાની પ્રસાદી રૂપે લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડથી સન્માનવામાં આવ્યાં.

વોઈસ ઓફ મુકેશ તરીકે વિશ્વનામના કમાનાર ડો. કમલેશ આવસત્થીનો 'ધરતી કો આકાશ પુકારે' ગીતોનો ગુલદસ્તો આ પ્રસંગને દિપાવવાં ખાસ આયોજિત કરવામાં આવ્યો. ટાઈટલ 'ધરતી કો આકાશ પુકારે...' સાથે જ મુકેશના ઘૂંટાયેલા સ્વરે પરદો ખૂલ્યો... 'જલ બીન મછલી નૃત્ય બીન બીજલી..'ના 'તારો મેં સજકે, અપને સુરજ સે દેખો ધરતી ચલી મીલને..', 'સંગમ'નું શંકર જયકિશનના સંગીતે મઢ્યું 'ઓ મહેબૂબા, ઓ મહેબૂબા, તેરે દિલ કે પાસ હી હૈ મેરી મંઝીલે મકસુદ, વો કૌનસી મહેફીલ જહાં તું નહી મૌજુદ' અને 'દોસ્ત, દોસ્ત ના રહા પ્યાર પ્યારના રહા જીંદગી હમે તેરા એતબારના રહા' સાથે સંપૂર્ણ માહોલ મુકેશ યમ બની રહ્યો...



ઉઘડતે પડદે

—સંજય થોરાત

hellogandhinagar@gmail.com

'કિસકી મુસ્કુરાહટો પે હો નિસાર, કિસીકા દર્દ મિલ સકે તો લે ઉધાર, કિસીકે વાસ્તે તો તેરે પ્યાર..' અને પબ્લિકના અવાજ પર ગવડાવ્યું 'જીના ઈસીકા નામ હૈ...' 'જાને કહાં ગયે વો દિન કહતે તેરી રાહમેં નજરો કો હમ બિછાયેં ગે..' સળંગ પાંચ ગીતો ૭૦ની વય વટાવી ચુકેલા ડો. કમલેશ આવસત્થીએ બીલકુલ મુકેશમય બનીને ગાયાં..

આશા ભોંસલેનું 'આઓ હુજુર તુમકો સિતારોમેં લે ચલું, દિલ ઝુમ જાયે ઐસી બહારો મે લે ચલું..' રાજેશ ખન્નાનું કિશોર કુમારને ફિલ્મફેર અપાવનારું ગીત 'હમેં ઔર જીને કે ચાહન ના હોતી અગર તુમ ના હોતે...' અને યંગસ્ટર્સ માટે આશ્કી-૨નું 'હમ તેરે બીન અબ રહ નહીં શકતે તેરે બીના કયા વજૂદ મેરા, કયુંકી તુમ હી હો, જીંદગી અબ તુમ હી હો..' સાથે વિવિધ મુડનાં ગીતો મજાનાં રહ્યાં.

'તીસરી કસમ'નું 'સજન રે જૂઠ મત બોલો, ખુદા કે પાસ જાના હૈ, ન હાથી હૈ ના ઘોડા હૈ, વહાં પૈદલ હી જાના હૈ...' અને 'આ લૌટ કે આજા મેરે મીત, તુઝે મેરે ગીત બુલાતે હૈ, મેરા સુના પડા રે સંગીત..' સાથી ફરી એકવાર મુકેશનો દોર શરૂ થયો.. લતા-મુકેશનું યુગલ ગીત 'ઈક પ્યાર કા નગ્મા હૈ, મોજો કી રવાની હૈ, જીંદગી ઔર કુછ ભી નહીં તેરી મેરી કહાની હૈ,' અને 'મેં ના ભૂલુંગા, મેં ના ભૂલુંગી, ઈન રસમો કો ઈન કસમોં કો ઈન રિશ્તે નાતોં કો..'ની સાથે 'આ અબ લૌટ ચલે, નાન બિછાયે, બાહેં પસારે, તુજકો પુકારે દેશ મેરા' દરેકે દરેક પ્રસ્તુતી મુકેશના સુવર્ણયુગની યાદ અપાવતી રહી..

'તેરે નામસે જીલું, તેરે નામ પે મર જાઉં, તુને કયા કર ડાલા મર ગઈ મેં મીટ ગઈ મેં' નાં નવા ગીત સાથએ અમિતાભ-રેખાનું સુપર ડુપર ગીત કિશો-આશાનું સલામી ઈશ્ક મેરી જાં જરા કુબુલ કરલો અને ગુજરાતી મનહર ઉદાસની ગઝલ 'શાંત ઝરૂખે વાટ નિરખતી રૂપની રાણી જોઈ હતી મેં એક શહેજાદી જોઈ હતી'ની વેરાયટી માણવા મળી..

'પંખીડાને આ પીંજરૂ જુનું જુનું લાગે, બહુ રે સમજાવ્યું તોય પંખી નવું પીજરૂં માંગે..' અને 'હે તને જાતાં જોઈ પનઘટની વાટે, મારું મન મોહી ગયું' જેવાં બબ્બે ગુજરાતી મુકેશના ગીતોએ જામો પાડી દીધો.. 'અનાડી'નું 'સબ કુછ શીખા હમનેં ના સીખી હોંશિયારી.. 'અને પુરબ ઔર પશ્ચિમ.નું 'જબ તુમ્હાર હૃદય તોડ દે, તડપતા હુઆ જબ કોઈ છોડ દે' અને 'સંગમ'નું 'ઓ મેરે સનમ, ઓ મેરે સનમ, દો જીસ્મ મગર ઈક જાન હૈ હમ..'ના મુકેશના સોલો ગીતો માણવા જેવા રહ્યાં.

કીસી રાહ મેં, કીસી મોડ પે, કહીં ચલના દેના તું છોડકર, મેરે હમસફર અને રોશનના સંગીતનું 'બાવરે નૈન'નું સાયગલની છાંટ વાળું ગીત 'ખયાલો મેં કિસીકે ઈસી તરહ આયા નહીં કરતે' માં મુકેશની અંતરો 'દિલો કો રોંદ કર દિલ અપના બહેલાયા નહીં કરતે' ગીત દાદ મેળવી ગયું.. 'સંસાર હૈ ઈક નદિયાં, સુખ-દુઃખ દો કિનારે હૈ, ના જાનેં કહાં જાયે હમ, બહતે ધોર હૈ' ગીતની સાથે 'યે મેરા દિવાનાપન હૈ, યા મોહબ્બત કા સુરૂર, તું ના પહેંચાને તો હૈ યે તેરી નજરો કા કુસુર અને છેલ્લે 'મેરા નામ જોકર' દર્દભર્યું ગીત 'જીના યહાં મરના યહાં ઈસકે સીવા જાના કહાં' સાથે કાર્યક્રમ પર પરદો પડી ગયો. કાર્યક્રમમાં ડો. કમલેશ આવસત્થી, કોશા પંડયા, રવિ, ભૂષણ આવસત્થી અને સંગીતમાં સંદીપ કિશ્ચીયન સૌએ સંપૂર્ણ યોગદાન આપ્યું. વર્ષા કુલકર્ણીની ગેરહાજરી કોશા પંડ્યાએ જણાવા ના દીધી.

'ગાંધીનગર-સમાજ દર્પણ'ની પરિકલ્પના, સંકલન અને જાહેરાત-ફોન સાથે માહિતી સંપાદન એમ દરેક ઘોડે સવાર આર.ડી. ગાંધીને બિરદાવવાં જ રહ્યાં. કાર્યક્રમમાં દરેક પૂર્વ પ્રમુખોને પૂરતું સન્માન આનંદદાયી રહ્યું... શહેરની વિવિધ સંસ્થાના મોભીઓમાં કૈલાસ દીદી, અરૂણ બુચ, એન.પી. પટેલ, ભરત કવિ, જયરાજસિંહ સરવૈયા, કમલ જૈન, આશા સરવૈયા, મનોજ શુકલા, મયંક દવે, ચેતના બુચ, આરતી ભટ્ટ, વગેરેની હાજરીથી સમારંભ ભર્યો ભર્યો લાગ્યો.

સરકાર મહિલાઓને ૩૩ ટકા અનામતની હિમાયત કરે છે ત્યારે જૈન સોશ્યલ ગૃપે તો ૧૦૦ ટકા મહિલા અનામત સાથે આખી કારોબારી રચી છે અને એનાં પ્રમુખ ડો. આરતી બુચ અને અન્ય બે વર્ષ સુધી આ સમગ્ર સંસ્થાને અવનવાં કાર્યક્રમ આપશે. ૨ ઓગષ્ટે ગાંધીનગરના જન્મ દિવસને વધાવવા રાત્રે જાગીને પ્રસંગ ઉજવવાની અપીલ થઈ જયારે આ 'ગાંધીનગર-સમાજ દર્પણ'માં જેમની માહિતી છપાઈ નથી એ લટકી ગયાંની ભાવના મનમાં લાવ્યાં વગર માહિતી પહોંચાડો, જેમ દરેક ફિલ્મનો પાર્ટ-૨ આવે છે એમ આનો પણ જલ્દી જ પાર્ટ-૨ છપાવવાનો છે.. જૈન સોશ્યલ ગૃપના સૌ મહેનકશ સ્વયંસેવકોને ગાંધીનગર વતી 'જય જિનેન્દ્ર' અને જે પ્રમાણે આ સંસ્થાનું કાર્ય છે એ માટે સાથે મળી એટલું જ ગવાય કે, 'જીંદગી ઔર કુછ ભી નહીં, તેરી મેરી કહાની હૈ...'

**'કિસીકે વાસતે હો તેરે દિલમેં પ્યાર'... માત્ર પોતાનું નહીં પણ સૌનું ભલું વિચારી ગાંધીનગરની વિવિધ ૧૨૫ સંસ્થાઓની માહિતીને સંપાદિત કરવાનું પરોપકારી કાર્ય કરનારી જૈન સોશ્યલ સંસ્થાનું ગાન... 'જીંદગી ઔર કુછ નહીં તેરી મેરી કહાની હૈ...'**